# જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ

બેઉલાહ અલાયન્સ ચર્ચ કમ્પાઉન્ડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮. ફોન : ૨૨૭૭૪૩૦૫
E-mail - jsm2277@gmail.com, Website : www.jivansandesh.org

**"હે મારા આત્મા યહોવાની સ્તુતિ કર"**
(ગી.શા. ૧૪૬:૧)

ખાનગી વિતરણ માટે

**એપ્રિલ - મે - ૨૦૧૭**

## દર્શન વિધાન

"ખોવાયેલાઓને શોધવા તથા શોધેલાઓને શિષ્ય બનાવવા."

## સેવાકાર્યો

★ રેડિયો પ્રસારણ (ગુજરાતી અને હિન્દી)
★ યુગલ સમૃદ્ધિ શિક્ષણ
★ પધ્ધતિસરનું ફોલોઅપ
★ નારી જીવન સંચાર
★ શિષ્યપણાની તાલીમ

## સેવાકાર્ય વિધાન

★ જેઓ સત્યની શોધ કરી રહ્યાં છે તેઓને સરળતાથી, સ્પષ્ટતાથી તથા અધિકાર સાથે પધ્ધતિસર ઈશ્વરનાં વચનો શીખવવા.

★ જેઓને પ્રભુ ઈસુની (સત્યની) અંગત ઓળખ થઈ છે તેઓને આધ્યાત્મિક પરિપકવતા તરફ વૃદ્ધિ આપવા માટે તથા આધ્યાત્મિક નેતાગીરી માટે તાલીમ આપવી અને સુસજ્જ કરવા.

**પ્રિય પ્રાર્થના મિત્રો,**

આપ સર્વને જીવનસંદેશ તરફથી પ્રભુ ઈસુના નામમાં પ્રેમી કુશળતા. ૨૦૧૭ના વર્ષમાં આપની નિયમિત પ્રાર્થના, ઉદાર દાન માટે આપનો ખૂબ જ આભાર માનીએ છીએ. સ્વૈચ્છિક સેવા આપતાં ભાઈ બહેનોનો આભાર. પ્રભુ ઈસુમાં કરેલી સેવા નિરર્થક નથી. પ્રભુ તમને આશિષ આપે એ જ અમારી આશા છે.

પ્રભુ ઈસુ તેમનાં શિષ્યોને યોહાન ૧૫:૧-૮ વચનોમાં બહું જ મહત્ત્વના સત્યો શીખવે છે. ઈસુ દ્રાક્ષાવેલો છે અને તેનાં શિષ્યો ડાળી છે. ડાળી તરીકે સતત ને હંમેશા દ્રાક્ષાવેલા સાથે જોડાયેલું રહેવું પડે તો જ ફળ આવવાની શક્યતા છે. "કેમ કે મારાંથી નિરાળા રહીને તમે કંઈ કરી શકતા નથી." શિષ્ય એ ઈસુ સાથે જોડાયેલા રહેવું પડે તો જ ફળ આવે છે ને તેથી પિતાને મહિમા મળે છે. "તમે બહું ફળ આપો એમાં મારાં બાપને મહિમા મળે છે, અને એથી તમે મારાં શિષ્ય થશો." (કલમ-૮) "ખરાં શિષ્યો ઈસુ સાથેના વિશેષ જોડાણથી ફળ ઊપજાવીને દેવને મહિમાવાન કરે છે."

● તેમનાં વચન દ્વારા ખ્રિસ્તમાં રહેવું : શિષ્યે શું કરવું પડે કે જેથી તે તેમના વચન દ્વારા ખ્રિસ્તમાં રહે. (૧) **સાંભળવું :** "એ પ્રમાણે સંદેશો સાંભળવાથી વિશ્વાસ થાય છે તથા ખ્રિસ્તના વચન દ્વારા સંદેશો સાંભળવામાં આવે છે." (રોમનો ૧૦:૧૭). (૨) **વાંચવું :** "આ ભવિષ્ય વચનો જે વાંચે છે તેઓને ધન્ય છે." (પ્રકટીકરણ ૧:૩). (૩) **અભ્યાસ :** ..."તેઓ નિત્ય ધર્મશાસ્ત્રનું શોધન કરતાં હતાં." (૪) **મુખપાઠ :** "તારૂં વચન મારાં હૃદયમાં રાખી મૂક્યું છે." (ગી.શા.૧૧૯:૧૧). (૫) **મનન :** "રાત દિવસ તે તેનાં નિયમશાસ્ત્રનું મનન કરે છે." (ગી.શા.૧:૨).

● પ્રાર્થનામાં રહેવું : "જો તમે મારામાં રહો અને મારાં વચન તમારામાં રહે તો જે કંઈ (૧૫:૭ તમે ચાહો તો માગો, એટલે તે તમને મળશે." 'પ્રેરિત' યોહાન લખે છે "અને જે કંઈ આપણે માગીએ છીએ, તે તેની પાસેથી આપણને મળે છે. કેમ કે આપણે તેની આજ્ઞાઓ પાળીએ છીએ, અને તેની નજરમાં જે પસંદ પડે છે તે કરીએ છીએ. (૧ યોહાન ૩:૨૨).

● તેમનાં પ્રેમમાં રહેવું : "જેમ બાપે મારા પર પ્રેમ રાખ્યો છે તેમ મેં પણ તમારા પર પ્રેમ રાખ્યો છે, તમે મારા પ્રેમમાં રહો." (યોહાન ૧૫:૯). પ્રેરિત પાઉલ વધુ સ્પષ્ટ કરતાં લખે છે, "વિશ્વાસથી તમારાં હૃદયોમાં ખ્રિસ્ત વસે, જેથી તમારાં મૂળ પ્રીતિમાં ઘાલીને અને તેમાં પાપો નાખીને તમે સર્વ સંતોની સાથે ખ્રિસ્તની પ્રીતિની પહોળાઈ, લંબાઈ, ઊંચાઈ તથા ઊંડાઈ કેટલી છે તે સમજી શકો." (એફેસી ૩:૧૭-૧૮).

આપણને જે શીખવા મળ્યું તે તો આ છે કે, "ખરાં શિષ્યો ઈસુ સાથેના વિશેષ જોડાણથી ફળ ઊપજાવીને દેવને મહિમાવાન કરે છે." તેમનાં વચનો દ્વારા ખ્રિસ્તમાં રહીએ છીએ. તેમના વચનો દ્વારા પ્રાર્થનામાં રહીએ છીએ. તેમનાં પ્રેમમાં રહીએ છીએ. પ્રભુ ઈસુ તેમનું આભયવચન આપે છે જે ખરેખર મૂલ્યવાન છે, "તમારામાં મારો આનંદ રહે અને તમારો આનંદ સંપૂર્ણ થાય એ માટે મેં તમને બે વચનો કહ્યાં છે." (યોહાન ૧૫:૧૧). પ્રભુ આપણ સર્વને એ પ્રમાણે કરવા સહાય કરે એ જ આશા અને પ્રાર્થના છે.

આપ સર્વની અવિરત પ્રાર્થનાઓ, ઉદાર દાનો તથા સતત ઉત્તેજન, સાથ-સહકાર માટે અમે હૃદયનાં ઊંડાણથી આભાર માનીએ છીએ અને તે માટે ત્રિએક ઈશ્વરની સ્તુતિ કરીએ છીએ.

**- ડેવિડ ક્રિશ્ચિયન**

# JSM Hing Fellowship

આ વર્ષે દાન આપનાર કુટુંબો માટે ખાસ સંગતનું આયોજન કરી શક્યાં માટે ઈશ્વરપિતાનો ખૂબ જ આભાર માનીએ છીએ. અત્યાર સુધી પ્રભુના લોક દ્વારા નાણાંનો સતત શ્રોત ચાલું રહ્યો છે. તેથી અમે દરેકે દરેક દાતાઓનો હૃદયના ઊંડાણથી આભાર માનીએ છીએ. "આપનું નિયમિત ઉદારતારૂપી દાન તે તો સુગંધીદાર ધૂપ, માન્ય અર્પણ છે અને તે દેવને પ્રિય છે." આપના દાનને માટે પ્રભુની સ્તુતિ કરીએ છીએ.

માર્ચ ૬, ૨૦૧૭, ૧૦:૩૦ સવારે અલાયન્સ ચર્ચ સિયોનનગરમાં સંગતને માટે ૪૦૦ (+) ભાઈ બહેનો આવ્યા. આ સંગતનું સંચાલન જીવન સંદેશના ચેરમેન શ્રી રોબિનસન ક્રિશ્ચિયને બહું જ ઉત્સાહપૂર્વક કરીને સંગતને રસમય બનાવી. આ સંગતમાં ભાગીદાર બનનાર ગુજરાત અલાયન્સ સિનડ પ્રમુખ રેવ. રસીન વસાઈવાલા સાહેબ મારફતે ડોનર ફેલોશીપની જ્યોત પ્રગટાવીને પ્રાર્થના દ્વારા સંગતને ખુલ્લી મૂકવામાં આવી. રેવ. રસીન વસાઈવાલા સાહેબે હાજરી આપીને અમને ઉત્તેજન પમાડ્યું તેથી અમે તેમનો ખૂબ જ આભાર માનીએ છીએ. અલાયન્સ ચર્ચ સિયોનનગરના પાળક શ્રી સ્ટેન્લી ક્રિશ્ચિયન સાહેબે પણ આ સંગતમાં હાજરી આપી તેથી તેમનો આભાર માનીએ છીએ. જીવન સાહિત્ય સંસ્થાના ડાયરેક્ટર રેવ. નેરિયસ ધોળકિયા સાહેબ તથા અલાયન્સ મંડળીના પાળક રેવ. ફિલીપ ક્રિશ્ચિયન સાહેબે પણ આ સંગતમાં હાજરી આપી તેથી તેમનો આભાર માનીએ છીએ. બેઉલાહ અલાયન્સ ક્વાયરે ગીતો દ્વારા દોરવણી પૂરી પાડી તેથી તેમનો આભાર માનીએ છીએ. આ સંગતમાં શ્રી ડેવિડભાઈ ક્રિશ્ચિયન દ્વારા જીવન સંદેશની સેવાઓ સંબંધી વિગતવાર માહિતી આપવામાં આવી. જેનાથી ઉત્તેજન મળ્યું ને સઘળાંએ ઈશ્વરપિતાની સ્તુતિ કરી. શ્રી ઈનોકભાઈ ક્રિશ્ચિયન દ્વારા આભારવિધિ કરવામાં આવી.

આ સંગતનું આધાર વચન પ્રે.કૃ.૧૦:૪ "...તારી પ્રાર્થનાઓ તથા તારા દાન દેવની આગળ યાદગીરીને સારૂં પહોંચ્યાં છે." આ ઈશ્વરના વચન પર રેવ. નિકોલસ પરમાર સાહેબે બહું જ પ્રેરણાદાયક અને પડકારયુક્ત સંદેશો આપીને પડકાર આપ્યો. પ્રભુના સેવકનો આભાર માનીએ છીએ.

અમદાવાદના જુદા જુદા વિસ્તારોમાંથી ભાઈ-બહેનો આવ્યા ને આ સંગતની શોભામાં અભિવૃદ્ધિ કરી જેને માટે અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. છેલ્લે બધા સ્વાદિષ્ટ બોજન લઈને છૂટાં પડ્યાં. આ સર્વને માટે અમે ઈશ્વરપિતાની સ્તુતિ કરીએ છીએ.































## રેડિયો પ્રસારણ સેવા

જીવન સંદેશ પ્રસારણ સેવા પ્રભુની કૃપા અને તેમનાં વિશ્વાસુપણાને લીધે પંચાવનમાં વર્ષમાં છે. ઈશ્વરનું વચન ખાતરી આપે છે, "યહોવાહનો આભાર માનો કેમ કે તે ઉત્તમ છે, તેની કૃપા સદાકાળ ટકે છે." (ગી.શા.૧૦૭:૧) ઈશ્વર પોતાના લોકો મારફતે નાણાંનો શ્રોત ચાલું રાખ્યો છે. સ્વૈચ્છિક સેવા આપનાર ભાઈ-બહેનો જીવન સંદેશ માટે ખૂબ જ આશીર્વાદિત છે. તેઓ પોતાનો મૂલ્યવાન સમય, પોતાના તાલંતો રેડિયો સેવાને માટે અર્પે છે માટે તેનો ખૂબ જ આભાર માનીએ છીએ. આજ સુધી તેઓએ એકમેકના થઈને જીવનસંદેશની સેવાને ધબકતી રાખી છે. તેથી ઈશ્વરપિતાની સ્તુતિ થાઓ.

## પત્ર મિત્ર પ્રતિભાવ

પ્રભુ ઈસુ ખ્રિસ્તના મધુર અને પ્રિય નામમાં જીવન સંદેશ પરિવારને પ્રેમી સલામ પાઠવું છું. જીવન સંદેશે મારાં જીવનમાં બહું જ મહત્ત્વનો ફાળો આપ્યો છે. આપના તરફથી પ્રાપ્ત થયેલાં પુસ્તકો મને ખૂબ જ ઉપયોગી થઈ પડ્યાં છે. આ પુસ્તકોનો અભ્યાસ કરવાથી મને અંગત જીવનમાં ઘણું બધું શીખવા મળ્યું છે ને તેનાથી હું કેળવાઈ છું એ હું ભૂલી શકતી નથી. લગભગ ૨૦૦૫ થી મેં અને મારી સખીએ પત્ર વ્યવહાર શરૂ કર્યો હતો. મારા ઘરની બાજુમાં રહેતાં દાદા અને દાદાના ઘરે દર રવિવારે સત્ય શોધ કાર્યક્રમ સાંભળવા જતા હતા ને તે રીતે અમે પત્ર સંગતમાં જોડાયા હતા. "તારો ઉદ્ધાર કરનાર યહોવાહ ઈસ્રાએલનો પવિત્ર દેવ એવું કહે છે કે, યહોવાહ તારો દેવ છે, ને તારા લાભને અર્થે કે તને શીખવું છું. જે માર્ગે તારે જવું જોઈએ તે પર તારો ચલાવનાર હું છું." (યશાયા ૪૮:૧૭). આ કલમ પ્રમાણે પ્રભુ મને શીખવી રહ્યાં છે. આ કલમ મને ખૂબ જ ઉપયોગી થઈ છે. આપની મૂલ્યવાન પ્રાર્થનામાં અમને ધરી રાખશો. - કિકાકુઈ

જીવન સંદેશ પરિવારને અમારાં તરફથી પ્રેમી કુશળતા પાઠવીએ છીએ. તમે અમારાં માટે પ્રાર્થના કરો છો તેમજ સાહિત્ય મોકલો છો તે બદલ આપનો ખૂબ જ આભાર. આપ અમારી સાથે આ રીતે સંપૂર્ક રાખો છો માટે આપના આભારી છીએ. એક ભાઈને બ્રેઈન હેમરેજ થઈ ગયું ને ડૉક્ટરે કહ્યું કે, તેમનાં માટે કોઈ આશા નથી એમ કહ્યું. તેમની દીકરીના લગ્ન પણ થોડાંક દિવસોમાં થવાના હતા. લગ્નની આમંત્રણ પત્રિકા છપાઈ ગઈ હતી, પણ તેમના પત્નીએ તમને વિનંતી જણાવીને આપે ફોન દ્વારા પ્રાર્થના કરાવી જેનાથી ભાઈને સંપૂર્ણ સારૂં થઈ ગયું. મોટો ચમત્કાર થયો. પ્રભુ ઈસુએ પ્રાર્થના સાંભળી તેથી તેમનો ખૂબ જ આભાર માનું છું. તમે અમારાં માટે પ્રાર્થના કરો છો ને નિયમિત અમારાં પર સાહિત્ય મોકલો છો તેથી આપનો આભાર માનીએ છીએ. - ખેડા

પ્રભુમાં આપ સર્વ જીવન સંદેશ પરિવારને પ્રેમી સલામ. પ્રભુની કૃપાથી મને નોકરી મળી છે, તેથી પ્રભુનો હું આભાર માનું છું. જીવન સંદેશ તરફથી મળતાં પુસ્તકો મારા માટે આશીર્વાદરૂપ છે. મને ઈશ્વર પરાયણ જીવન જીવવામાં મારી મદદ કરે છે, દોરવણી પૂરી પાડે છે. મારે હજુય પ્રભુના વચનોનો અભ્યાસ કરવો છે. તેથી પવિત્ર આત્માની સરળ સમજ પુસ્તક અને અને દૈનિક પ્રાર્થના પુસ્તક મોકલી આપશો જેથી મને આધ્યાત્મિક રીતે ઉન્નતિ પામું ને તે દ્વારા પ્રભુનો મહિમા કરું. પ્રભુ આપ સર્વને આપની સેવા કાર્યમાં મદદ કરે એ જ મારી પ્રાર્થના છે. - અમરેલી

## શિષ્યપણાની સેવા

"તેમનામાં તમારાં મૂળ ઊંડા નાખો, તેમના પર તમારા જીવનનું બાંધકામ કરો, અને તેમને શીખવવામાં આવ્યું છે તે પ્રમાણે તમારા વિશ્વાસમાં દૃઢ થાઓ અને આભારસ્તુતિ કરતાં રહો." (કોલોસી ૨:૭)

જીવન સંદેશ શિષ્યપણાની સેવા તેના ૩૦માં વર્ષમાં પ્રવેશે છે. અત્યાર સુધીમાં સેંકડો વ્યક્તિઓને પદ્ધતિસર પ્રભુ ઈસુના શિષ્ય બનવા તથા બીજાઓના શિષ્ય બનાવવા સંબંધી તાલિમ અને શિક્ષણ આપવામાં આવ્યું. તેના ફળ સ્વરૂપે આજે ગુજરાતની જુદી જુદી મંડળીઓમાં અનેક વ્યક્તિઓ આધ્યાત્મિક આગેવાની આપી રહ્યાં છે. આ સર્વમાં પ્રભુને માન અને મહિમા આપીએ છીએ.



## ૨:૭ શ્રેણીના પુસ્તકનો અભ્યાસ

મે ૨-૫ ડુમરાલ કોન્ફરન્સ સેન્ટરમાં ૨:૭ શ્રેણીનો તાલિમ સેમિનાર ધંધોળી અને ઠાસરા વિસ્તારના જુવાનો માટે રાખવામાં આવ્યો પણ સંજોગોવસાત ૨-૩ દિવસનો સેમિનાર રાખવામાં આવ્યો. જેમાં ૧૦ યુવાનોએ ભાગ લીધો. આ સેમિનારમાં શ્રી મધુભાઈ ક્રિશ્ચિયન, શ્રી ઈનોક ક્રિશ્ચિયન અને ડેવિડ ક્રિશ્ચિયને શિક્ષણ આપ્યું. શ્રી શેમ્યુલભાઈ ક્રિશ્ચિયને મનનીય સંદેશો આપ્યો. આ સેમીનારમાં ૨:૭ શ્રેણી શું છે, પુલનું ઉદાહરણ, સંદેશો, શાંત સમય, શિષ્ય અને ઈશ્વરનું વચન, બાઈબલ અભ્યાસ કેવી રીતે અને સંદેશો. આ સર્વ માટે પ્રભુનો આભાર માનીએ છીએ.

તા.૧૭ નવેમ્બર ૨૦૧૬ થી દર સોમવારે ૮:૩૦ થી ૯:૩૦ દરમ્યાન ૨:૭ શ્રેણીના પુસ્તકનો અભ્યાસ જીવન સંદેશ સ્ટુડિયોમાં શરૂ કરવામાં આવ્યો. જેમાં ૧૫ વ્યક્તિઓએ રસપૂર્વક નિયમિતરૂપે ભાગ લઈ રહ્યાં છે. ૨:૭ શ્રેણીના અભ્યાસનું પ્રથમ પુસ્તક "ઈશ્વરના કુટુંબમાં સામર્થ્ય સાથે વૃદ્ધિ પામવું." તે પુર્ણ કરવામાં આવ્યું. બીજી પુસ્તક "ઈશ્વરના કુટુંબમાં તમારા મૂળને સુદૃઢ કરવા" શરૂ કરવામાં આવ્યું. પ્રભુનો આ સર્વ માટે આભાર. ભાગ લઈ રહેલ વ્યક્તિઓ માટે પ્રાર્થના કરશો કે તેઓ વ્યક્તિગત રીતે વૃદ્ધિ પામે ને તેની અસર આમ સમાજ પર પડે.













## દાનિયેલના પુસ્તકનો અભ્યાસ - પવિત્રકુંજ

તા.૧૮ નવેમ્બર ૨૦૧૬ થી દર મંગળવારે ૮:૩૦ થી ૯:૩૦ દરમ્યાન દાનિયેલના પુસ્તકનો અભ્યાસ પવિત્રકુંજ સોસાયટી, સી.ટી.એમ., અમદાવાદમાં શરૂ કરવામાં આવ્યો. જેમાં સોસાયટીના સભ્યો રસપૂર્વક નિયમિતરૂપે ભાગ લઈ રહ્યાં છે. પ્રભુનો આ સર્વ માટે આભાર. જેમાં શિક્ષણની સેવા શ્રી મધુભાઈ ક્રિશ્ચિયન આપી રહ્યાં છે. આ ક્લાસ માટે તેમજ શિક્ષણ આપનાર પ્રભુના સેવક માટે પ્રાર્થના કરશો.

## યુગલ સમૃદ્ધિ સેમીનાર

પ્રભુએ જીવન સંદેશને ઈશ્વરના વચનો મારફતે યુગલોને બાંધવાની સેવાને ૨૫ વર્ષથી આશીર્વાદિત કરી છે. તેથી પ્રભુની સ્તુતિ થાઓ. પ્રભુએ જીવન સંદેશને જે સેવા ભેટરૂપે આપી છે તે તો કુટુંબોને બાંધવાની અને ઈશ્વરના વચનો મારફતે કેવી રીતે અસરકારક કુટુંબો તરીકે આમ સમાજમાં જીવી શકીએ તેની ચાવી આ યુગલ સમૃદ્ધિ શાળામાં શીખવવામાં આવે છે. જો તમે આ શાળામાં ભાગ લેવા ઈચ્છો છો તો અમારો સંપર્ક કરશો.

આ યુગલ સમૃદ્ધિ શાળામાં અલગ અલગ વિષયો ઉપર અસરકારક રીતે શિક્ષણ આપવામાં આવે છે. (૧) લગ્નનો હેતુ (૨) લગ્નમાં સફળતા (૩) પતિની જવાબદારી (૪) પત્નીની જવાબદારી (૫) માતા-પિતા અને બાળકોનો સંબંધ (૬) વાણી વ્યવહાર (૭) સંબંધોને બાંધવા (૮) આત્મિયતા અને મિત્રતા (૯) **Fire Proof Movie** (૧૦) સંઘર્ષ નિવારણ (૧૧) આકુલા-પ્રિસ્કીલા (૧૨) પ્રેમ-માફી (૧૩) સમય/નાણાંનો વહીવટ (૧૪) જાતિયતા-ઈશ્વરે આપેલી ભેટ અને આશીર્વાદ (૧૫) **Pamel's Prayer.**

## નારી જીવન સંચાર સેવા

ઈશ્વર પિતાએ જીવનસંદેશની નારી જીવન સંચાર સેવાને ૮ વર્ષથી આશીર્વાદિત કરી છે. તેથી ઈશ્વરપિતાને ધન્યવાદ આપીએ છીએ. આ સેવા ઘણી બહેનોને માટે ઉપયોગી નિવડી છે. જુદા જુદા સેમિનાર અને રીટ્રીટ દ્વારા દરેક સ્તરની બહેનોએ સાક્ષી આપી છે કે તેમનો જીવન પ્રત્યેનો દ્રષ્ટિકોણ બદલાઈ ગયો છે. ઈશ્વરના વચનોએ તેમની નિરસતા, ઉદાસીનતાને આનંદમાં ફેરવી નાખી છે. પ્રભુએ નારી સંચાર ગ્રુપને જ્ઞાન તથા ડહાપણ આપવા માટે પ્રભુની સ્તુતિ થાઓ.

જો આપ બહેનો, ઈશ્વરના વચન શીખવા માગો છો તો આપ નારી જીવન સંચાર સેવાનો સંપર્ક કરી શકો છો. બે વર્ષથી શ્રીમતી રીટાબેન ક્રિશ્ચિયન બહેનોના ગ્રુપને ઈશ્વરના વચનો મારફતે દોરવણી આપી રહ્યાં છે. જેઓ ભાગ લઈ રહ્યાં છે તેઓને માટે સમય આશીર્વાદિત નિવડે છે. જો આપ ઈશ્વરના વચનો શીખવા માંગો છો તો આપ જરૂરથી અમારો સંપર્ક કરશો.

## જીવન સંદેશ પ્રેયર ડે

તા.૫ માર્ચ ૨૦૧૭ ના રોજ જીવનસંદેશ દ્વારા ખાસ પ્રાર્થના દિવસની સંગત બેઉલાહ અલાયન્સ ચર્ચમાં થઈ. સવારે ભક્તિસભા બાદ ૧૧:૩૦ કલાકે આ પ્રાર્થના સંગત શરૂ કરવામાં આવી. આ પ્રાર્થના સંગતમાં વચનની સેવા જીવન સંદેશના બોર્ડ મેમ્બર શ્રી પૉલ ક્રિશ્ચિયને આપી બધાંને અસરકારક પ્રાર્થના કરવા પ્રેરણા મળી. આ પ્રાર્થના સંગતમાં જુદી જુદી મંડળીઓના શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના ૭૦ (+) ભાઈ-બહેનોએ બહુ જ પ્રેમપૂર્વક ભાગ લીધો. તેમજ પાળકો, મંડળીના તથા સંસ્થાના આગેવાનોએ ભાગ લીધો. આ પ્રાર્થના સંગતમાં જીવન સંદેશની સેવાઓ તેમજ ભારત દેશ માટે, ગુજરાત માટે, મંડળીઓ માટે, વિવિધ સંસ્થાઓ માટે પ્રાર્થનાઓ કરવામાં આવી. બધાંએ બહુ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈને આ પ્રાર્થનાને અસરકારક બનાવી તેથી પ્રભુની સ્તુતિ કરીએ છીએ.















## આભાર માનીએ.....

૧. જીવન સંદેશના ગુજરાતી ફોલોઅપના કાર્ય માટે પ્રભુએ શ્રી સીરીલભાઈ ક્રિશ્ચિયનને જ્ઞાન અને ડહાપણ પૂરાં પાડ્યાં માટે.

૨. કષ્ટમય અઠવાડિક સભાઓમાં શ્રી મધુભાઈ પેટલાદ, શ્રી સીરીલભાઈ કલમકૂઈ અને શ્રી ડેવિડ રજવાડામાં પ્રભુના વચનો આપવાની તક મળી માટે.

૩. ૨:૭ શ્રેણીના પુસ્તકનો ક્લાસ સોમવારે અને મંગળવારે દાનિયલના પુસ્તકનો અભ્યાસ પવિત્રકુંજ સોસાયટીમાં કરી શક્યા માટે.

૪. જીવન સંદેશના એકાઉન્ટના કાર્યમાં શ્રી ઈનોકભાઈને જ્ઞાન અને ડહાપણ આપવા માટે.

૫. મંડળીઓ અને સંસ્થાઓમાં જીવનસંદેશ સ્ટાફને પ્રભુના વચનોમાંથી શીખવવાની તક મળી માટે.

૬. ૧૯ માર્ચના રોજ અનારા મેથોડિસ્ટ ચર્ચમાં એક દિવસીય બહેનોની ગોસ્પલ રીટ્રીટ રાખી શક્યા માટે.

## પ્રાર્થના કરીએ.....

૧. ૧૭ નવેમ્બર ૨૦૧૬ થી દર સોમવારે ૮:૩૦ થી ૯:૩૦ દરમ્યાન ૨:૭ શ્રેણીના ત્રણ પુસ્તકનો અભ્યાસ જીવન સંદેશ સ્ટુડિયોમાં ચાલે છે તે માટે.

૨. ૧૬ જુન ૨૦૧૭ ના રોજ જુવાન દીકરીઓ માટેની રીટ્રીટ બેઉલાહ અલાયન્સ ચર્ચમાં રાખેલ છે. આ રીટ્રીટમાં ૫૦ થી વધુ દીકરીઓ ભાગીદાર બને તે માટે.

૩. બહેનોની જુદી જુદી બાઈબલ સ્ટડી ગ્રુપ ચાલે છે. જેમાં રીટાબહેન આગેવાની આપી રહ્યાં છે તેને માટે.

૪. જીવન સંદેશ સ્ટાફના સભ્યો, શ્રી મધુભાઈ, શ્રી સીરીલભાઈ, શ્રી ઈનોક, શ્રી ડેવિડ.

૫. જીવન સંદેશની રેડિયો સેવા, ફોલોઅપની સેવા, શિષ્યપણાની સેવા, યુગલ સમૃદ્ધિ શિક્ષણની સેવા, નારી જીવન સંચાર સેવાના કાર્યો માટે પ્રાર્થના કરશો.

૬. જીવન સંદેશનું નાણાંકિય વર્ષ ૨૦૧૭-૨૦૧૮ નું નાણાંકિય બજેટ ૨૩ લાખ માટે પ્રાર્થના કરશો.